સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૨૨૫૫

સલામી સવારની..

ખેંચવી સત્તા એકમેકની, વિકાશમાં રસ છે,
'તરભાણું ભરો' પવારનું, નિકાસમાં રસ છે,
તિખાશના તેવરે વહીવટમાં આવે ફિકાસ -
નથી રાષ્ટ્રની ચિંતા, પોતાના વિકાસમાં રસ છે

હાઈકુ

સાચવી જાણે!
સૌ ને 'ટાઇમ' સર -
રહે 'સંઘ' માં..
(વડાપ્રધાન - નક્કી)

ખેલ મેદાને
પાણી ભરાવે 'ગુડા'
રાજરમત..
(જાવ કાબરભાઇ, આવું છું)

ચિંતન

ન પશ્યતિ ચ જન્માન્ધઃ કામાન્ધો નૈવ પશ્યતિ ।
ન પશ્યતિ મદોન્મત્તો હર્ષી દોષં ન પશ્યતિ ॥

જે જન્મથી જ અંધ છે તે સંસાર-દુનિયા ને જોઇ શકતો નથી, જે કામ-વાસનામાં અંધ થઇ જાય તે વ્યવહારના પરિણામોનો અંત જોઇ શકતો નથી, જે મદોન્મત - મદમાં અંધ થઇ ગયો હોય તે પોતાના પતનને જોઇ શકતો નથી જે યાચક - માગણ છે તે યાચનાથી થતી પોતાની પરિસ્થિતિ હાલત - દોષ પતનને જોઇ શકતો નથી. યાચનાથી સ્વમાન ગુમાવવું પડે છે તે.

અહીં ચાર પ્રકારના અંધની વાત છે જે કુદરતી રીતે શારીરિક જન્માંધ છે તે તો સંસારના રંગ-ઢંગથી અપરિચિત છે જ.

પરંતુ જે કામ-વાસનાથી અંધ થઇ જાય છે તેને વૃધ્ધ કે બાળા, માન-અપમાન, સજા-બદનામી સમાજમાં થતી હાલત કંઇ દેખાતું નથી. વાસનામાં અંધ થઇ એ ક્ષણની ખાઇમાં પડી પતન પામે છે.

જે સત્તા-પદ, સંપત્તિમાં મદ-અભિમાનથી અંધ થઇ જાય છે, એ પોતાના ગર્વને કારણે જ સમાજમાંથી ફેંકાઇ જાય છે.

જે યાચના કરે, ઉધાર કે ભીખ માગે એ નજીકનો મિત્ર હોય કે સંબંધી, પણ પોતાની માન-મર્યાદા છોડી પતનને પામે છે.

સુવિચાર

- જૂઠો માણસ જૂઠને સત્ય જેવું દેખાડવાથી કારકિર્દીની શરૂઆત કરે છે અને અંતે સત્યને જ જૂઠું દેખાડવા ઉપર ઠોંચી જાય છે - નિર્મલ બાબા
- જ્ઞાની માનવીને જગતના વહેવારો લોભાવી નથી શકતા. માછલીઓની કૂદાકૂદથી કંઇ સાગરમાં સુનામી ન આવે! - ભર્તૃહરિ
- ધનવાન ગરીબ, ગરીબ કરતાં પણ વધુ ગરીબ છે - શેખ સાદી
- સદ્‌ભાગ્ય હંમેશાં પરિશ્રમને સાથ આપે છે - ગોલ્ડ સ્મિથ
- વિચાર શૂન્યતા, આજની પેઢીની અને આજનાં જમાનાની સાર્વજનિક આપત્તિ છે - રસ્કિન
- નાના શત્રુને, નાના ઉપાય દ્વારા જ વશમાં રખાય, ઉંદર માટે બિલાડી જ રખાય, સિંહ નહીં - વિષ્ણુપુરાણ
- સારા પ્રેમની પરખ માત્ર સ્ત્રીઓ જ કરી શકે છે - મોંપાસા

બોધકથા

આજે 'માણસ'- માણસ રહ્યો જ નથી, કોઇ અધિકારી, કોઇ નેતા, કોઇ પ્રોફેસર, કોઇ લેખક-તંત્રી, કોઇ સંત-બાબા તરીકે જ જીવે છે. 'માણસ' સાચો માણસ રહ્યો જ નથી. બધા પોતાની ડિગ્રી-સ્થાન-હોદ્દાના બૂરખા નીચે માણસ અને માનવતાને ઢાંકી ચોવીસ કલાક ઘરમાં અને બહાર જીવે છે એને ઓળખવો કેમ?

અમેરિકન ચિત્રકાર જેમ્સ વ્હિલસર કાયમ પ્રકૃતિનાં અને ખાસ કરીને માત્ર સમુદ્ર-દરિયાનાં જ ચિત્રો દોરતાં એકવાર તેનાં પ્રશંસકે તેમને પૂછ્યું, તમે 'માણસ'-વ્યક્તિઓનાં ચિત્ર કેમ દોરતા નથી?

જેમ્સે સ્મિત સાથે કહ્યું, અફાટ-વિરાટ ઉછળતા સમુદ્રને પણ હું સંપૂર્ણ કદમાં જોઇ શકું છું. જ્યારે પાંચ-છ ફૂટના માણસને હું સંપૂર્ણ-કદ (લાઇફ સાઇઝ) માં સંપૂર્ણ રીતે જોઇ શકતો નથી. એને જ્યારે હું જોવા બેસું છું ત્યારે કોઇ ડોકટર, કોઇ વકીલ, કોઇ નેતા, કોઇ વેપારી કે કોઇ શિક્ષક, વાર્તાકાર-કથાકાર માત્ર જ દેખાય છે. કોઇ માત્ર સમાજ સેવક કે કોઇ જીંદગીભર ચોવીસ કલાક વૈજ્ઞાનિક છે. એમનો પહેરવેશ-દેખાવ-સ્વભાવ પણ એવો જ. આખે આખો - માત્ર માણસ જોવા જ ક્યાં મળે છે? ખંડિત માણસમાં અખિલાઇ ખૂટે છે. મને આખો માણસ દેખાતો જ નથી પછી તેનું પુરા કદનું ચિત્રાંકન કેમ કરીને કરી શકું?

આંતરિક સુરક્ષાના મુદ્દે રાજકારણ ન હોવું જોઇએ

તંત્રી સ્થાનેથી...

સરકાર અને સેના વચ્ચેના તનાવથી સુરક્ષાને અસર થાય છે. દિલ્હી ખાતે યોજાયેલી મુખ્યમંત્રીઓની બેઠકમાં ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ વ્યક્ત કરેલ વિચાર સાચો છે. રાષ્ટ્રીય સલામતીના મહત્વના મુદ્દા ઉપર બિનકોંગ્રેસી મુખ્યમંત્રીઓને એનસીટીસી (નેશનલ કાઉન્ટર ટેરરિઝમ સેન્ટર) ના પ્રસ્તાવિક વિચાર સામે વિરોધ નોંધાવ્યો, તે પણ એક સાચી વાત છે. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર સાથે મળીને સુરક્ષાની નીતિ ઘડે આ આપણા બંધારણની જોગવાઈ છે. પ્રજાસત્તાક ભારતમાં સંઘીય માળખું સ્વીકારાયું છે. દેશના તમામ રાજ્યો અને કેન્દ્ર સરકાર એકમત નિર્માણ કરી કાયદો અને આવશ્યકતા નીતિનું ઘડતર કરે એ અતિ આવશ્યક બાબત છે. આર.ટી.પી.એફ એક્ટ - બી.એસ.એફ એક્ટમાં સુધારો કરી બિનજરૂરી વિવાદ ઊભો કરાયો છે. બહુ જ સહજ રીતે સ્વીકારાયેલી બાબત છે કે રાજ્યમાં ધરપકડ કરવાની સત્તા રાજ્યના પોલીતસંત્ર પાસે છે. પરંતુ સૂચિત સુધારામાં કોઈ પણ રાજ્યમાં બી.એસ.એફ. ના અધિકારી કોઈ પણ નાગરિકની ધરપકડ કરી શકે. આનાથી વિસંવાદિતતા વધુ સર્જાશે. સત્તાનો સામસામે સંઘર્ષ થશે. અને રાજ્ય અને કેન્દ્ર વચ્ચેની ખાઈ ઊભી થશે.

આપણા બંધારણમાં આપણે સંઘીય માળખાના સ્વીકારમાં રાજ્યોની અને કેન્દ્રની સત્તા અંગે સ્પષ્ટ માર્ગદર્શન અપાયું છે. કાયદો અને વ્યવસ્થા જેવા સુધારાના મુદ્દા ઉપર બંને સરકારોએ સાથે મળીને નીતિ ઘડવાની હોય છે. એમાંય સરહદી રાજ્ય હોય તો તેમાં વધુ કાળજી લેવાની જરૂર પડે છે. રાજ્યમાં શાંતિ અને સુલેહ જળવાય તેની જવાબદારી રાજ્ય સરકારની છે. પરંતુ જ્યારે રાજ્ય સરકારને વ્યવસ્થા જાળવવામાં વધારે સુરક્ષા દળોની જરૂર પડે ત્યારે કેન્દ્ર સરકારે દળો મોકલવાનાં રહે છે. આ ઉપરાંત સરહદની સુરક્ષાની જવાબદારી સ્વાભાવિક જ કેન્દ્ર સરકારના માધ્યમથી લશ્કરની બને છે. આમ આંતરિક સુરક્ષાના મુદ્દા ઉપર સર્જાયેલ વિવાદ તાકીદે સમેટવો જોઈએ. દેશની તંદુરસ્ત લોકશાહી માટે રાજકારણના સીમાડાઓ ઓળંગીને વિચાર વિમર્શ થવો જોઈએ. રાષ્ટ્રીય સલામતીના મુદ્દા ઉપર તમામ રાજ્યોને વિશ્વાસમાં લઈ નીતિ ઘડાવી જોઈએ. સરકાર આ પક્ષની હોય કે પેલા પક્ષની હોય, સૌ સરકારોએ સુરક્ષાની વાતને અગ્રતા આપવી જોઈએ. દેશ પહેલાં પછી રાજકારણ, આ વિચારધારા તમામ પક્ષોએ અને જૂથોએ અપનાવવી જોઈએ.

સુંદરતા સામેની વ્યક્તિમાં હોય કે ના હોય પણ જે તે જોનારની આંખમાં સુંદરતા હોય જ તે વધારે જરૂરી છે

પારિજાત
- રેખા ભટ્ટ

તુમ સુંદર હો, ... તુમ સુંદર હો,...
તુમ સુંદર હો, ... તુમ સુંદર હો...

એમ કહેવાય છે તે એકનું એક જૂઠ પણ જો સો વાર બોલવામાં આવે તો તે આખરે 'સત્ય' બની જાય છે. હવે વિચારીએ કે જૂઠ પણ સાચું લાગવા માંડે વારંવાર રિપીટેશન થવાથી તો ખરેખર એકાદ 'સત્ય' વાત હોય તે વારંવાર કહેવામાં આવે તો તે કેટલી અસરકારક બની જાય! તો ટૂંકમાં કહેવાની વાત એટલી જ કે આપણો રોજ રોજનો વ્યવહાર જેમની સાથે છે તથા જેમની સાથે આપણો પનારો પડ્યો છે તે સગાં- વહાંલાની સાથે વાતો કરતી વખતે આપણે તેમનામાં જે સારી વાત હોય તેની નોંધ લઈને તેમને કહીએ તો તેમને કેટલી ખુશી થાય?

કુદરતે સર્જેલા માણસો પૈકી આપણે જોઈએ તો, કેટલાક લોકો અત્યંત રૂપાળા હોય છે. અને કેટલાક સામાન્ય તો કેટલાક બેડોળ પણ હોઈ શકે.

જેઓ દેખાવમાં આકર્ષક હોય તેમને તો કંઈ કહેવાની જરૂર જ નથી. કેમ કે એમને માટે તો 'દર્પણ' જ કાફી છે. પણ જે થોડાંક સામાન્ય છે તેમના માંથી સારી ખૂબી દિલ દઈને શોધવા પ્રયત્ન કરીશું તો આપણને ચોક્કસ મળી આવશે. જેમક કોઈને ગાલે ખંજન પડે છે, તે કોઈના દાંત સરસ છે, કે કોઈના વાળ ચમકીલા અને સુંદર છે કે કોઈનું હાસ્ય મોહક છે કે કોઈનો આંખ - હોઠનો વળાંક સરસ છે.

કદરૂપી લાગતી વ્યક્તિને પણ ધ્યાનથી જોઈએ તો તેનામાં એકાદ વાત તો એવી હોય જ કે જે બીજાનું ધ્યાન ખેંચી શકે. અને બીજા કરતાં અલગ પાડે છે કે એને સુંદર બનાવે છે. પૂરેપૂરી કદરૂપી કે કુરૂપી વ્યક્તિ કોઈ હોતી નથી!

કોઈનામાં પણ એક પણ 'રિડિમીંગ ફિચર' ન હોય એવું ક્યારેય બનતું જ નથી. બસ, એ શોધી કાઢવાની આપણી 'દૃષ્ટી' હોવી જોઈએ અને રસ હોવો જોઈએ. અને એ

'સારપ' કે 'સુંદરતા'નો અહેસાસ આપણા તરફથી જે તે વ્યક્તિને કરાવવામાં આવે તો હંમેશ માટે તેના દિલમાં આપણને જગા મળી જાય. સૌને પોતાનાં કરી લેવાની આ સાદામાં સાદી યુક્તિ કહી શકાય.

આપણે જાણીએ છીએ તેમ મોટા ભાગે આવું બનતું નથી. આપણે કોઈની સારી વાત હોય તો જલ્દી કહેતા નથી પણ થોડું પણ ખરાબ હોય તો કહેવામાં સહેજ પણ વાર લગાડતા નથી. ઘણા લોકો બીજા વિશે સતત બબડાટ કર્યા કરતા હોય છે. બીજા માટે જ્યારે તક મળે ત્યારે ઘસાતું જ બોલ્યા કરે. તેઓ સાવ ખોટા પણ નથી હોતા. પણ આવું કરવાથી સામેની વ્યક્તિનો સદ્‌ભાવ ગુમાવી બેસવાનો ડર રહે છે. આપણા હાવભાવમાં પણ તેમના તરફ રહેલી ચીડ કે અણગમો જાણે-અજાણે સતત પ્રગટ થતો રહે છે.

એના કરતાં જે તે વ્યક્તિમાં રહેલી ખામીઓ તરફ આંખ આડા કાન કરીને, ખૂબીની કદર સાચા દિલથી કરવામાં આવે તો તેનો પડઘો પડ્યા વગર રહેતો નથી.

જેમ કે કોઈ વ્યક્તિ દેખાવે સામાન્ય હોય પણ હાસ્ય મોહક હોય અને આ વાતની નોંધ લઈને, પૂરેપૂરી સચ્ચાઈથી એ ખૂબી તેને જણાવવામાં આવે તો તે સાચે જ ખુશ થાય. કેમ કે પોતાનો દેખાવ તો એને ખબર જ છે એમાં આપણે નવું કશું કહી શકવાના નથી. એના કરતાં એના હાસ્યના કારણે ચહેરા પર દેખાતા આનંદ વિશે એને કહીએ તો ખરેખર એ રાજી થશે. અને એવું પણ બને કે આપણા ગયા પછી એ અરીસામાં પોતે હસતો ચહેરો રાખીને જૂએ એવું પણ બને !

સુંદરતા સામેની વ્યક્તિમાં હોય કે ના હોય પણ જે તે જોનારની આંખમાં સુંદરતા હોય જ તે વધારે જરૂરી છે, કેમ કે છેવટે તો,

Beauty lies in the eyes of its beholder.

એવું તને હું નથી કહેતો કે મોલમાં મજા ન કર, બર્ડ વોચિંગ કરૂં છું એવી મારા પર ખોટી શંકા ન કર, એક પર એક ફ્રીની સ્કીમ જોઇ ટ્રોલી ભર્યા ન કર, અને ખીસ્સાં ખાલી થઇ જાય મારી એવી દશા ન કર

Hello ફ્રેન્ડસ!
- સંજય થોરાત

રવિવારે ફરવાં ક્યાં જવું એટલે? ઈસ્કોન મંદિર જવાનું નક્કી કરીને નીકળ્યાં. ઉન્હાળામાં ત્રણ-ચાર કલાક ટાઢકમાં બેસી ભગવાનનું નામ જપીશું એવી ઈચ્છા... પણ રસ્તામાં ઈસ્કોન મૉલ દેખાતાં પત્નિ બોલી, બસ અહીંયા ગાડી પાર્ક કરો... મેં કીધું આપણે ઈસ્કોન મંદિર જવાનું હતું કે મૉલ?? એને ગેટ પર ઉતારી હું એકાદ કિ.મી. દૂર સુધી માંડ માંડ જગ્યા શોધી ગાડી પાર્ક કરી પરત ફર્યા ત્યારે શ્રીમતીજી તો અંદર ટ્રૉલી લઈને ફરતાં થઈ ગયેલાં...

આ મૉલમાં અનેક લોકો ઉત્સાહથી, આનંદથી વસ્તુની ખરીદી કરવાં (કે ઘરનું લાઈટ બિલ બચાવી, એ.સી.માં ફરવાં) અંદર ઘુસતાં હતા. આપણેય થોડો આનંદ લૂંટીને 'હરે કૃષ્ણ' ની બદલે હરતાં ફરતાં કંઈક નવીન જોઈએ એવી ભાવનાથી પ્રવેશ કર્યો. પ્રવેશદ્વારે શંકાસ્પદ નજરે જોતો સિક્યુરીટી ઊભો હતો. ન્યૂઝ પેપરમાં આતંકવાદી કેમ ઓળખવો? એ સંદર્ભે એક સંશોધાત્મક લેખ પ્રસિધ્ધ થયેલો એ અનુસાર સતત બગાસા ખાતો માણસ આતંકવાદી હોઈ શકે છે, ભયંકર અપરાધી કૃત્ય કરનારો માણસ અસ્વસ્થ હોય છે અને એનું શરીર ઠંડુ પડતાં એ બગાસાઓ ખાતો હોય છે!!

મેં મારૂં શરીર ચેક કર્યું, એ.સી.ના કારણે એ ઠંડુ પડી ગયેલું. મેં બગાસા પર કંટ્રોલ કરી, લાકડાનાં ચોખડાંમાંથી પ્રવેશ કર્યો, એમાંથી પસાર થતાં ચિત્રવિચિત્ર અવાજો થવાં લાગે એટલે મૉલમાં ઘૂસનારો આતંકવાદી પકડાઈ શકે, પણ હું એમાંથી આનંદથી પસાર થઈ ગયો! મારાં શરીર પરથી પેલાં સિક્યુરીટીએ અસભ્ય પણે હાથ ફેરવ્યો, અંદર ઘૂસનારા બધાનું આવું અપમાન જનક સ્વાગત મને જરા ખટકી ગયું!!

અંદર ઘુસતાં જ સામે એક સજીધજીને ઉભેલાં બેન દેખાયાં, જે અમારે ત્યાં બે વર્ષ પૂર્વે અમારાં ત્યાં કામ કરવાં આવતાં એ બાઈ પેન્ટ, શર્ટ, ટાઈ એવાં રૂઆબદાર પોશાકને કારણે હું એમને તરત જ ઓળખી શક્યો નહીં... એ બેન મહિલાઓનાં પર્સ, બેગ તપાસવાનું કામ કરતાં હા. પર્સ નાની હોય તો હાથથી અને મોટી હોય તો બેગમાં માથું ઘાલીને બૉમ્બની શોળખોળ કરતાં હતાં. બેન એમનાં કપડાંને શોભે એવું વર્તન કરતાં હતા. અને મોકો મળતાં જ ભલભલાનું અપમાનેય કરતાં હતા!!

અંદર બધી બાજુ કૅમેરા અને સ્ક્રીન લગાડેલાં હતાં. એ કૅમેરામાં દેખાવાં સૌ સ્માઈલ પણ કરતાં હતા. અંગ્રેજી સમજણના પડે અને ગીતોય વાગતાં હતા. અંદરનું વાતાવરણ અત્યંત આનંદમય હતું... જાત જાતની અને ભાતભાતની ટી.વી. કે મેગેઝીનમાં જોયેલી દરેક બ્રાન્ડસની શૉપ્સ ત્યાં હતી. અને સુંદર રીતે સજાવીને રાખેલી. નજર પડતાંજ વસ્તુ ઉપાડી લઈએએવી એમની ગોઠવણ કરેલી. સુંદર સ્ત્રીના પૂતળાં અને સાચી સ્ત્રીઓ વચ્ચેનો ફરક સમજવામાં કેટલાંય લોકો થાપ ખાઈ જતાં હતાં અને એને અડપલું કરવામાં ક્ષોભની સ્થિતિમાં મુકાતાં હતાં.

આમ તો દરેક ઠેકામે લોકો ખરીદી કરતાં હતાં પણ અમુક ખોખામાંપડેલાં કપડાંમફતના ભાવે હોવાથી ત્યાં સારા અને સસ્તાં કપડાં મેળવવાની લાલચમાં સૌ કપડાં ખેંચાખેંચ કરી લોભ અને અસભ્યતાનું દર્શન કરાવતાં હતાં... ખરીદી કરેલી વસ્તુઓનો ભાર ખેંચવા માટે ચકચકિત સ્ટીલની ટ્રૉફીઓ હતી. પતિ-પત્નિ અને બાળકો બધાં જ પોતપોતાની મનગમતી વસ્તુઓએકઠી કરવાંમચી પડ્યાં હતા... સતત ટી.વી. જોઈને બ્રાન્ડ અને વસ્તુઓનાં કીડાં બનેલાં કિડ્સ પ્રાઈઝ ટૅગની ચિંતા કર્યાવગર વસ્તુઓ લેતાં હતાં. તો કેટલીક પહેલીવાર મૉલમાં ઘુસેલી મહિલાઓ લેબલનાં વાંચનથી ધ્રુજીને એ વસ્તુઓ દૂર હડસેલતી હતી!!

હું એક પરદેશી બ્રાન્ડની દુકાનમાં અણસમજમાં જ ઘૂસી ગયો. ત્યાં અમારાં સેકટરનો ગેરેજનો કારીગર સ્માર્ટી છોકરો રૂઆબદાર કપડાં પહેરી સેલ્સમેન બની બધાંને કપડાં પહેરાવતો હતો. હું મારી બ્રાન્ડની ભૂલ સુધારવાં એની સામે હસ્યો તો એને મારી ઓળખ બતાવવામાં નાનપ અનુભવી હશે તે મારી સાથે બ્રાન્ડની વાતો અને એની મહાનતાની વાતો કરવાં લાગ્યો.

(અનુસંધાન પાના નં. ૬ પર)

આજના દિવસનો મહિમા
- ભાનુપ્રસાદ એસ. દવે

૧૮મી એપ્રિલ પાંડુરંગ વી. કાણેની પુણ્યતિથિ

સંસ્કૃત કાવ્યોની સુંદરતા - રમણીયતાને રજૂ કરનાર, હિન્દુ ધર્મ શાસ્ત્રોના પાંચ મોટા ગ્રંથના રચયિતા પાંડુરંગ. વી. કાણેની આજે પુણ્યતિથિ.

ભારતરત્ન અને મુંબઇ વિશ્વ વિદ્યાલયના ઉપકુલપતિ શ્રી કાણેનું અવસાન તા. ૧૮-૪-૧૯૭૨માં થયું.

- ૧૮-૪-૧૯૭૧ બાંગ્લાદેશની આઝાદીની જાહેરાત
- ૧૯૫૧માં વિનોબા ભાવેએ ૧૦૦ એકર જમીન ભૂમિદાનમાં મેળવી 'ભૂદાન યજ્ઞ'નો પ્રારંભ કર્યો.



- મહાન વૈજ્ઞાનિક આલ્બર્ટ આઇન્સ્ટાઇનનું અવસાન.
- ગ્રંથકાર સેમ્યુઅલ સ્માઇલનું અવસાન
- બોરસદ તાલુકામાં રાસ ગામે ગાંધીજીએ ખેડૂતો સમક્ષ સ્વાતંત્ર્યતા અંગે ભાષણ આપ્યું ૧૯૧૮ની ૧૮મી એપ્રિલ.

આજે આ ચારે બહેનપણીઓ નાનાં બાળકોની જેમ વાતો કરી રહી હતી, તેમને જોઇને એમ લાગતું હતું કે ભગવાને જો માણસને સ્મૃતિઓની ભેટ ન આપી હોત તો તેનું જીવન કેવું નિરસ ને નિર્જીવ હોત

નવાં કલેવર
- નટવર હેડાઉ

વર્ષોથી જુદી પડી ગયેલી ચાર બહેનપણીઓ ફેસબુકનાં માધ્યમને લીધે આજે ફરી એકવાર મળી હતી. આજનો દિવસ ફક્ત તેમનો પોતાનો અને પોતાના માટેનો હતો. આજ આખો દિવસ કોઈ ડખલગીરી થવાની ન હતી. શ્વેતા, પ્રિયંકા, સ્વાતિ અને હિમાલી કૉલેજકાળની પાકી બહેનપણીઓ જેને ખરા અર્થમાં બેસ્ટ ફ્રેન્ડ કહી શકાય. તે ચારે આજે ભેગી મળી તો એકબીજાને જોઈને ખુશ થવા સાથે સાથે એવી જોર જોરથી હંસી રહી હતી જાણે ચાર નાનાં બાળકો અકારણ જોર જોરથી હસી રહ્યાં ન હોય.

ખરેખર કૉલેજ પછી ચારે જ્યારે આટલાં વર્ષો પછી મળી તો તે બધી પ્રૌઢાવસ્થાએ પહોંચી ગઈ હતી. આટલાં વર્ષો પછી એકબીજાનાં બદલાયેલાં રૂપ જોઈ આમ હસવું આવવું પણ ખૂબ સ્વાભાવિક છે. કૉલેજમાં એ ચારે પોતાના ટેલેન્ટને કારણે ખૂબ જ પ્રસિધ્ધ હતી. અભ્યાસની સાથે સાથે રચનાત્મક પ્રવૃત્તિઓમાં તેમનું કૌશલ્ય ઝળકતું હતું. ભાગ્યે જ કોઈ એવો પુરસ્કાર હશે જે તેમના હાથ સુધી પહોંચ્યો ન હોય. સાવ અસાધારણ કૌશલ્યને કારણે એ ચારે બહેનપણીઓ કૉલેજમાં છવાઈ ગઈ હતી. તેમની ઘનિષ્ટ મિત્રતા ને જોઈને અન્ય સ્ટુડન્ટ કહેતા 'ચાર સહેલીઓની જોડી કોઈ શકે ના તોડી.'

'ફેસબુક પર આપણે મળ્યાં ન હોત તો કદાચ ક્યારેય મળી ન શકત. થેંક્સ ફેસબુક.' કહેતાં હિમાલી હસી પડી. ત્યાં જ શ્વેતા બોલી. 'અલી, પ્રિયંકા આ સમયમાં તારામાં તો ઘણું પરિવર્તન આવી ગયું છે. જો તો કેવી જાડી ને સ્થૂળ થઈ ગઈ છે.'

'હાં.. હા... તો તું વળી ક્યાં પરી જેવી લાગી રહી છે? જરા આઈનામાં જઈ તારું મોઢું જો તો ખબર પડે, તારા વાળ તો જો ધોળા થઈ ગયા છે. બિલકુલ સિનિયર સિટીઝન જેવી લાગે છે, અને આ સ્વાતિ ને તો જો સુકાઈ ને બિલકુલ કાંટા જેવી થઈ ગઈ છે. કૉલેજમાં એ લાંબા કુદકાની ચેમ્પિયન હતી ખરું ને?'

આજે કૂદવાનું કહીએ તો એ નાનકડી નીક કુદી ન શકે.

'હાં... હાં.. થોડીક ઉંમર થઈ છે પણ તેથી શું, હું કંઈ કૂદવાનું ભૂલું નથી હોં. પેલી કહેવત છે કે વાંદરો ઘરડો થાય તો પણ કૂદવાનું કંઈ ભૂલે નહીં.'

'અરે! વાહ, એમ વાત છે તો પછી આજથી આનું નામ રાખી એ 'ઘરડી વાંદરી' શ્વેતાએ એ રીતે લહેકાથી કહ્યું કે સૌ એક સાથે હંસી પડી.'

ખરેખર... આજે આ ચારે બહેનપણીઓ નાનાં બાળકોની જેમ વાતો કરી રહી હતી. તેમને જોઈને એમ લાગતું હતું કે ભગવાને જો માણસને સ્મૃતિઓની ભેટ ન આપી હોત તો તેનું જીવન કેવું નીરસ ને નિર્જીવ હોત.

વાત ને આગળ વધારવામાં હિમાલીએ કહ્યું, 'ફેસબુકથી આપણે એકબીજા બાબતે થોડું તો જાણી ગયા છીએ. પણ ઘણું બધું તો આજ મળીને જ જાણી શકીશું. હાં તો હવે કહો પોતપોતાના સંસારની વાત. કેવું ચાલે છે? કોઈ કંઈ કહે તે પહેલાં જ પ્રિયંકા બોલી, "ઓહ છોડોને સંસારમાં શું બળ્યું છે. એ રામાયણ લઈને બેસી ના જતાં એ બધી ફાલતું વાતો રહેવા દો, પોતાની કેરિયર બનાવવા શું કરો છો એ કહો?"

ખરેખર તો પ્રિયંકાને ઘર સંસાર, પતિ અને બાળકોની વાતમાં જરાય રસ ન હતો. કેમ કે તેનો પોતાનો ઘર સંસાર ગૃહસ્થાશ્રમના પડાવ સુધી પહોંચ્યો ન હતો. તેણે પોતાના જીવનમાં પ્રેમરસ સીંચી મનોમન કલ્પનાઓ કરી હતી અને એક સુંદર સંસારનું સપનું જોયું હતું. પરંતુ સમાજના કથિત ઠેકેદારોએ તેના એ કલ્પનાના બાગને ખીલવા ન દીધો. જાતિના બંધન આડા આવ્યાં. અને તેનાં સપનાં ફુંવારા જ રહી ગયા. તેથી જ કદાચ જ્યારે કે કોઈનો સુખી સંસાર જોતી તો તેના મનમાં ઉચાટ થતો. તેનું મન ખિન્ન થઈ જતું.

ચારમાથી એક મેમ્બરને તેમની વાતોમાં કોઈ રસ ન હતો. પણ બાકી ત્રણ તો કુટુંબ કબીલાવાળી હતી. જેમને પોતાનો સંસાર હતો અને પોતાની સમસ્યાઓ પણ હતી.

'હિમાલી તું કહે તારે જીવનમાં કેવું ચાલે છે, તારો પતિ કેવો છે? ટાલિયો, જાડો કે કાળો છે એ તો મેં ફેસબુકમાં ફોટામાં જોયો છે. પણ તારે તેની સાથે બને છે કે નહીં?'

શ્વેતાની વાત સાંભળી હિમાલી એકદમ ઉદાસ થઈ ગઈ. સ્મૃતિની રેખાઓથી એ મનમાં ચિત્ર બનાવવા લાગી. પછી બહુ ધીમેથી એ બોલી. 'મારી બાબતાં હું શું કહું? મારા મનમાં તો બારમાસી ફૂલોની જેમ ફ્લેશ છવાયેલ રહે છે. પતિ સાથે વાત કર્યે મહિનાઓ વીતી જાય છે. લગ્ન પછી અમારા બંને વચ્ચે કાયમ અબોલા જ રહ્યા છે. એમ લાગે છે કે જીવન પથમાં જીવન સાથીની તેમને જરૂર જ નથી. કંઈક વિચિત્ર સ્વભાવ છે. આજે પણ અમે ઘરમાં કોઈ અજાણ્યાંની જેમ રહીએ છીએ. એવું લાગે છે કે જીવનમાં કોઈ સ્પંદન મારમાં છે જ નહીં. જીવનમાં એક દિવસ એવો આવ્યો નથી કે મારા પતિની સહાનુભૂતિ કે પ્રેમથી હું ભીંજાઈ હોઉં. પતિ બથ ભરે તે સુખદ ક્ષણ અને તેની સુરક્ષિતતાનો કોઈ અહેસાસ મને થઈ શક્યો નથી. ઘણી વખત મને મન થાય કે પતિ સામે હું રિંસાઉં, તે મને મનાવે. હું તૈયાર થઈને તેની સામે જાઉં ને તે મને વખાણે, યુવાની... નવાં નવાં લગ્ન... કેવી કેવી કલ્પનાઓના ઉડ્ડયનો ભર્યા હોય પણ તેમને કોઈ દિવસ મારી સામે જોયું પણ નહીં.

(અનુસંધાન પાના નં. ૬ પર)